Ref.(IT) No. 11 of 2012
Order Under Ex-242

## ઔદ્યોગિક ન્યાય પંચ નં.૨, સુરતના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ.

રેફરન્સ (આઈ.ટી.) નં.૧૧/૨૦૧૨

પ્રથમ પક્ષકાર :– સંજીવની હોસ્પિટલ
મુ.પો.ચલથાણ, તા.પલસાણા, જી.સુરત.

::– વિ રૂ દ્ધ –::

બીજા પક્ષકાર :– સંજીવની હોસ્પિટલમાં કામ કરતા
કામદારો/કર્મચારીઓના યુનિયન પ્રતિનિધિ તરીકે
સુરત લેબર યુનિયન.

::– બીજા પક્ષકાર તરફેની આંક–૨૪૨ ની અરજી નીચે હુકમ –::

**(૧)** બીજા પક્ષકાર તરફેની હાલની અરજી સાક્ષી સમન્સ માટેની છે. બીજા પક્ષકાર તરફેની હાલની અરજીમાં જણાવેલ છે કે, " સદર કેસમાં પ્રથમ પક્ષના તરફે આંક–૨૪૧, નિ.૪, નિ.૫, નિ.૬, નિ.૭, નિ.૮ લીસ્ટથી વાર્ષિક આવક–જાવકના ઓડીટ રીપોર્ટ પ્રીન્ટેડ રજુ કરેલ છે, જેથી અમો આ આંક–૨૪૧, નિ.૪, નિ.૫, નિ.૬, નિ.૭, નિ.૮ થી રજુ થયેલા વાર્ષિક અહેવાલ બાબતે અમો બીજા પક્ષના તરફથી નીચે જણાવેલા જાણકાર સાક્ષીને આ કેસમાં તપાસવા માંગીએ છીએ તથા સદર કેસમાં જાણકાર સાક્ષીની હાજરીની અને જુબાની ખુબ મહત્વની અને કેસને અસરકર્તા હોય, જે સંજોગોમાં સદરહું જાણકાર સાક્ષીને નામદાર કોર્ટમાં હાજર રહી તે અંગેના પુરાવા આપ્યેથી કેસનો ન્યાય–નિર્ણય થઈ શકે તેમ છે, જેથી નીચે જણાવેલા જાણકાર સાક્ષી પર આપ નામદાર કોર્ટ સમક્ષ નીચે મુજબના માંગ્યા મુજબના દસ્તાવેજો લઈ આવતી મુદ્દતે આપ નામદાર કોર્ટ સમક્ષ હાજર રહે, તેવો સાક્ષી સમન્સ કાઢવા માટે યોગ્ય હુકમ કરવાની ખાસ જરૂર છે. નીચે જણાવેલા સાક્ષીને આવતી ઠરાવ મુદ્દતે હાજર રહેવા માટે સુચના કે હુકમ કરવા અરજ છે.

// સાક્ષીનું નામ–સરનામું //

Christie Alpa Nickey

ચાર્ટડ એકાઉન્ટન્ટસ

Add : 504, Lalbhai Contractor Complex,

Nanpura, Surat-395001.

Mo.99251-22422

સદર કેસમાં પ્રથમ પક્ષના તરફથી આંક–૨૪૧, નિ.૪, નિ.૫, નિ.૬, નિ.૭, નિ.૮ લીસ્ટથી વાર્ષિક આવક–જાવકના ઓડીટ રીપોર્ટ પ્રીન્ટેડ રજુ કરેલ છે તથા તે કેસમાં ઉપરોકત આંકથી પ્રથમ પક્ષનાએ રજુ કરેલ દસ્તાવેજો બાબતે ઉપર જણાવેલા (૧) પ્રથમ પક્ષના સંસ્થાના હીસાબી વર્ષ સને–૨૦૦૯ થી સને–૨૦૧૪ ના સમયગાળા દરમ્યાનના ઓડીટેડ થયેલ સહી–સીકકાવાળી નકલ, (૨) પ્રથમ પક્ષના સંસ્થાના હીસાબી વર્ષ સને–૨૦૦૯ થી સને–૨૦૧૪ ના સમયગાળા દરમ્યાનના નોટસ ઓન એકાઉન્ટની સહી–સીકકાવાળી નકલ, (૩) પ્રથમ પક્ષના સંસ્થાના હીસાબી વર્ષ સને–૨૦૦૯ થી સને–૨૦૧૪ ના સમયગાળા દરમ્યાનના ટ્રસ્ટમાં ઓડીટેડ બેલેન્સ શીટ રજુ કરેલ, તેની સહી–સીકકાવાળી નકલ. જેથી ઉપરોકત જણાવેલા સાક્ષી સીરીયલ નં.(૧) થી(૩) ના જણાવેલા લેખીત આધાર પુરાવા સાથે તે લઈને ઉપરોકત જાણકાર સાક્ષીને આપ નામદાર કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે યોગ્ય હુકમ ફરમાવશોજી. આ તમામ સંજોગો ઘ્યાને લઈ જાણકાર સાક્ષીને આપ નામદાર કોર્ટમાં હાજર રહેવા માટે યોગ્ય સમન્સ નોટીસ ઈસ્યુ કરવા માટે હુકમ ફરમાવશોજી. સાક્ષીને સાક્ષી ભથ્થું અમો બીજા પક્ષના આપવા તૈયાર છીએ."

**(૨)** પ્રથમ પક્ષકાર તરફે હાલની અરજીનો જવાબ આંક–૨૪૩ થી રજુ કરવામાં આવેલ છે. જેમાં જણાવેલ છે કે, " બીજા પક્ષકારને આવી અરજી આપવાનો કાયદેસરનો કોઈ હકક કે અધિકાર નથી અને બીજા પક્ષકારની આવી અરજી કાયદા પ્રમાણે ટકી શકતી નથી, જેથી બીજા પક્ષકારની અરજી રદ થવાને પાત્ર છે. સંજીવની આરોગ્ય ટ્રસ્ટ પ્રથમ પક્ષકાર સંજીવની હોસ્પિટલ ચલાવે છે અને સંજીવની આરોગ્ય ટ્રસ્ટ તથા સંજીવની હોસ્પિટલના હિસાબો દર વર્ષે ઓડીટ થાય છે અને ઓડીટ થયા બાદ તેઓ રીપોર્ટ ઓડીટર તરફથી આપવામાં આવે છે અને તે રીપોર્ટ ટ્રસ્ટની મીટીંગોમાં મંજુર પણ કરવામાં આવે છે અને તે પ્રમાણે મંજુર થયેલ હિસાબો અંગેનો વાર્ષિક અહેવાલ પ્રીન્ટ કઢાવી પ્રસિઘ્ધ કરવામાં આવે છે અને પ્રીન્ટેડ વાર્ષિક અહેવાલો પ્રથમ પક્ષકાર તરફથી આ કામમાં રજુ કરવામાં આવેલ છે. જેથી તેના ખરાપણા અંગે શંકાને કોઈ સ્થાન નથી જેથી આવા સંજોગોમાં ઓડીટ કરનાર ઓડીટરને આ કામમાં તપાસવા જરૂરી નથી. જેથી

ઓડીટરને તપાસવા માટે સાક્ષી સમન્સ કાઢવાની કોઈ જરૂરીયાત રહેતી નથી અને ઓડીટેડ વાર્ષિક અહેવાલ રજુ થયેલ જ છે અને તેમાં કયા કારણોસર બીજા પક્ષકાર ઓડીટરને તપાસવા માંગે તેની કોઈ વિગતો પણ જણાવવામાં આવેલ નથી. જેથી બીજા પક્ષકારની ઓડીટર ઉપર સાક્ષી સમન્સ કાઢવાની અરજી રદ કરવાની ન્યાયના હિતમાં જરૂર છે."

**(૩)** આ કામે બીજા પક્ષકાર તરફેના સાહેદની ઉલટ તપાસ તા.૧૮/૦૯/૨૦૨૫ ના રોજ પુરી થયા બાદ આ કામ તા.૨૫/૦૯/૨૦૨૫ ના રોજ ઉપર બીજા પક્ષકારના વધુ પુરાવા માટે મુલતવી રાખવામાં આવેલ અને સદર મુદતે બીજ પક્ષકાર તરફે મુદત અરજી આવતા આ કામ બીજા પક્ષકારના વધુ પુરાવા માટે તા.૦૬/૧૦/૨૦૨૫ ના રોજ ઉપર મુલતવી રાખવામાં આવેલ. સદર દિવસે બીજા પક્ષકાર તરફે આંક–૨૪૨ થી સાહેદ સમન્સની અરજી રજુ થયેલ. જેથી સદર અરજીના પ્રથમ પક્ષકારના જવાબ માટે આ કામ તા.૧૭/૧૦/૨૦૨૫ ના રોજ ઉપર મુલતવી રાખવામાં આવેલ અને તે દિવસે પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૪૩ થી સાહેદ સમન્સની અરજીનો જવાબ રજુ કરવામાં આવતા આ કામ આંક–૨૪૨ ની અરજીની સુનાવણી માટે તા.૦૩/૧૧/૨૦૨૫ ના રોજ મુલતવી રાખવામાં આવેલ. તા.૦૩/૧૧/૨૦૨૫ ના રોજ આ કામના પક્ષકારો હાજર રહેલ નહી કે મુદત અરજી રજુ થયેલ ન હોવાથી અને આ કામ ૨૦૧૨ ની સાલનું ઘણું જુનું કામ હોવાથી આંક–૨૪૨ ની અરજી હુકમ ઉપર લેવામાં આવેલ છે.

**(૪)** આ કામ તા.૧૦/૧૧/૨૦૨૫ ના રોજ ઉપર આંક–૨૪૨ ની અરજીના હુકમ માટે રાખવામાં આવેલ. તા.૧૦/૧૧/૨૦૨૫ ના રોજ બંને પક્ષકારો હાજર રહેલ અને બીજા પક્ષકાર તરફે આંક–૨૪૪ થી આંક–૨૪૨ ની અરજીનો દલીલનો હકક ખોલવા માટે અરજી રજુ કરવામાં આવેલ. જે અન્વયે બીજા પક્ષકારનો આંક–૨૪૨ ની અરજીની દલીલનો હકક ખોલવામાં આવેલ અને બીજા પક્ષકાર તરફે તથા પ્રથમ પક્ષકાર તરફે દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૫)** બીજા પક્ષકાર તરફે આંક–૨૪૨ ની અરજી મુજબની દલીલ કરવામાં આવેલ છે અને વધુમાં જણાવેલ છે કે, અગાઉ બીજા પક્ષકાર તરફે દસ્તાવેજો રજુ કરાવવાની અરજી રજુ કરવામાં આવેલ. જે નામંજુર કરવામાં આવેલ છે અને હવે પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૪૧ થી દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે. જે પૈકી નિ.૨૪૧/૪ થી નિ.૨૪૧/૮ વાળા દસ્તાવેજી પુરાવા હિસાબોની પ્રિન્ટેડ નકલો છે અને તે કોઈ પણ પ્રિન્ટ કરાવી શકે છે. નિ.૨૪૧/૮ વાળા અહેવાલના પાના નં.૧૧ ઉપર ખર્ચમાં પગાર ખર્ચ(માન્ય) અને અન્ય પગાર ખર્ચ(અમાન્ય)

તે રીતેનો પગાર ખર્ચ દર્શાવેલ છે. જેથી અમાન્ય પગાર ખર્ચ ખોટી રીતે દર્શાવીને ઈન્કમ ટેક્ષમાં બાદ લીધેલ ગણાય તેમજ અમાન્ય પગાર શું છે તે અરજીમાં જણાવેલ સાહેદ આવે તો સ્પષ્ટ થઈ શકે. અરજીમાં જણાવેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પ્રથમ પક્ષકાર સંસ્થાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. સાહેદ ભથ્થુ ચુકવવા બીજા પક્ષકાર તૈયાર છે. જેથી અરજી મંજુર કરી સાહેદ સમન્સ કાઢવા વિનંતી છે.

**(૬)** પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૪૩ વાળા જવાબ મુજબની દલીલ કરવામાં આવેલ છે અને જણાવેલ છે કે, રજુ થયેલ વાર્ષિક અહેવાલ સંસ્થાના હિસાબોના ઓડીટેડ રીપોર્ટની પ્રિન્ટ છે. આ વાર્ષિક અહેવાલવાળા હિસાબો સિવાયના બીજા કોઈ હિસાબો હોવા અંગેની હકીકત નથી કે તેવા કોઈ હિસાબો હોય તો બીજા પક્ષકારે રજુ કરવા જોઈએ. બીજા પક્ષકાર તરફેની સાહેદ સમન્સની અરજી રદ થવા પાત્ર છે.

**(૭)** બીજા પક્ષકાર તરફેની હાલની અરજી, પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૪૧ ના લીસ્ટથી રજુ થયેલ અનુ.નં.૪ થી ૮ વાળા વાર્ષિક અહેવાલ બાબતે અરજીમાં જણાવેલ સાક્ષીને તપાસવા સમન્સ કરવા માટેની છે. ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૧૧(૩) મુજબ ઔદ્યોગિક અદાલતને કોઈ વ્યકિતને હાજર રખાવવા અને તેને સોગંદ ઉપર તપાસવા માટે તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવા ફરજ પાડવા માટે દિવાની અદાલતની દિવાની કાર્યરીતી હેઠળની સત્તા જેવી જ સત્તા રહેલી છે. દિવાની કાર્યરીતીની કલમ–૩૧ અને હુકમ–૧૬, રૂલ–૧ મુજબ કોઈ વ્યકિતને સાહેદ તરીકે તપાસવા માંગતા પક્ષકારે તેવી વ્યકિતને સાહેદ તરીકે તપાસવા માટેનો હેતુ સાહેદ સમન્સની અરજીમાં સ્પષ્ટ જણાવવો અનિવાર્ય છે અને તેવી જ રીતે દસ્તાવેજી પુરાવા રજુ કરાવવા માટેનો હેતુ દસ્તાવેજો રજુ કરાવવાની અરજીમાં સ્પષ્ટ જણાવવો અનિવાર્ય છે. 1992 (0) AIJEL-HC 206455 Kinariwala V/s Mighty Labour Association ના કેસના નામદાર ગુજરાત વડી અદાલતના ચુકાદાના પેરા–૨ માં નીચે મુજબ ઠરાવેલ છે.

> 2. Under Sec. 11(3) of the Industrial Disputes Act, 1947 the Labour Court, undoubtedly, has the power to compel production of documents and material objects. However, before the Labour Court could order production and inspection of documents, it has to be satisfied as to the relevancy of such documents on the basis of the material that may be produced before it. This can be done by the applicant seeking production by setting out the necessary facts and contentions in the application, pointing out the necessity for producing those documents having regard to their nature and the manner in which they are to be relied upon. The power conferred on the industrial forum for getting the documents produced, is not intended to enable any litigant to embark upon

a fishing inquiry, with a hope to search for some material, on which reliance could be placed. This is not to say that in a fit case, after the appropriate material is placed on record and the necessity for production is pointed out, the Tribunal cannot order production of relevant documents, which would be necessary for the purpose of the adjudication of the dispute. It is obvious from the contents of the application made by the respondent that no effort whatsoever was made to indicate as to for what purpose the production was being sought and in what manner the documents were intended to be relied upon. The application for production, in the instant case, did not contain any material, to which the Labour Court could have applied its mind to determine the relevancy of the documents and to come to the conclusion whether the production should be ordered or not. If the purpose behind getting the documents mentioned at item 1 of the application was to bring home the point that the financial condition of the petitioner was sound, then that purpose is, obviously, already served by the endorsement made on behalf of the petitioner, below that application; and, even before us, the learned Counsel appearing for the petitioner categorically stated that the petitioner will never put up any defence of financial condition not being sound, because, in fact, the condition of the petitioner was sound enough to meet with any demand, which may be countenanced by the Labour Court on tenable grounds.

આમ, નામદાર ગુજરાત વડી અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ કોઈ વ્યકિતને સાહેદ તરીકે તપાસવા માંગતા પક્ષકારે તેવી વ્યકિતને સાહેદ તરીકે તપાસવા માટેનો હેતુ સાહેદ સમન્સની અરજીમાં સ્પષ્ટ જણાવવો અનિવાર્ય છે અને અરજીમાં હેતુ જણાવવામાં આવેલ ન હોય તો તેવી અરજી રદ થવા પાત્ર છે. બીજા પક્ષકાર તરફેની હાલની અરજીમાં, આંક–૨૪૧ ના લીસ્ટના અનુ.નં.૪ થી ૮ વાળા વાર્ષિક અહેવાલ બાબતે અરજીમાં જણાવેલ જાણકાર સાક્ષીને તપાસવા માંગતા હોવાનું અને આ જાણકાર સાક્ષીની હાજરી અને જુબાની ખુબ મહત્વની હોવાનું જણાવેલ છે. પરંતુ સદર સાહેદની જુબાની મહત્વની હોવી એ સાહેદ તરીકે તપાસવાનો હેતુ નથી અને તે રીતે અરજીમાં જણાવેલ સાહેદને સદર દસ્તાવેજો બાબતે તપાસવા માટેનો હેતુ સ્પષ્ટ થતો નથી. જેથી નામદાર ગુજરાત વડી અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ બીજા પક્ષકાર તરફેની હાલની અરજી રદ થવા પાત્ર છે.

(૮) બીજા પક્ષકાર તરફેની હાલની અરજી, પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૪૧ ના લીસ્ટથી રજુ થયેલ અનુ.નં.૪ થી ૮ વાળા વાર્ષિક અહેવાલ બાબતે અરજીમાં

જણાવેલ સાક્ષીને તપાસવા સમન્સ કરવા માટેની છે. આ રજુ થયેલ વાર્ષિક અહેવાલો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે પ્રમાણિત કરેલ તેમજ ટ્રસ્ટી મંડળે તથા પ્રતિનિધી સભાએ મંજુર કરેલ આવક જાવકના વાર્ષિક અહેવાલો છે. આ અહેવાલોવાળા હિસાબો હાલની અરજીમાં જણાવેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ધ્વારા ઓડીટ કરવામાં આવેલ હોવાનું જણાવેલ નથી તેમજ સદર અહેવાલવાળા હિસાબો ઓડીટ થયેલ નથી તેવુ જણાવેલ નથી તેમજ આંક–૨૪૧ ના લીસ્ટથી રજુ થયેલ વાર્ષિક અહેવાલવાળા હિસાબોની સહી સિકકાવાળી નકલો હાલની અરજીમાં જણાવેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના કબજામાં હોવાનું જણાવેલ નથી તેમજ આ વાર્ષિક અહેવાલો ખોટા હોવાનું જણાવેલ નથી. આ ઉપરાંત, આંક–૨૪૧ થી રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અત્રેની અદાલતની પરવાનગીથી રજુ થયેલા છે. દસ્તાવેજો રજુ કરવાની પરવાનગી અરજીના બીજા પક્ષકાર તરફેના આંક–૨૩૭ વાળા જવાબમાં વાર્ષિક અહેવાલો ઉપજાવી કાઢેલાનું જણાવેલ છે. જેથી તે વાર્ષિક અહેવાલોવાળા હિસાબો સંબંધે હાલની અરજીમાં જણાવેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ માહિતગાર હોવાનું બીજા પક્ષકારનું કથન વાહયાત હોવાનું ફલિત થાય છે. વળી, સદર વાર્ષિક અહેવાલો ઉપજાવી કાઢેલા હોય તો તેવા વાર્ષિક અહેવાલોવાળા હિસાબોની સહી–સિકકાવાળી નકલો હાલની અરજીમાં જણાવેલ સાહેદના કબજામાં હોઈ શકે નહી તે સ્વભાવિક છે. પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૪૧ ના લીસ્ટથી રજુ થયેલ વાર્ષિક અહેવાલોની પુરાવામાં ગ્રાહયતા પ્રસ્થાપિત કરવાનો બોજો પ્રથમ પક્ષકારનો છે અને હાલમાં આ કામ બીજા પક્ષકાર તરફે પુરાવો રજુ થવાના તબકકે છે. આમ, આ તમામ હકીકતો ધ્યાને લેતાં, બીજા પક્ષકાર તરફેની હાલની અરજી મંજુર કરવા પાત્ર નથી.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકારની હાલની અરજી અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## ::– હુ ક મ –::

(૧) આથી પ્રથમ પક્ષકારની આંક–૨૪૨ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તા.૧૭મી નવેમ્બર–૨૦૨૫ ના રોજ હુકમ કરવામાં આવ્યો.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
સભ્ય,ઔદ્યોગિક અદાલત નં.૨,સુરત.
જજ કોડ નં.જીજે૦૦૫૬૧

(સ્ટેનો–સી.જી.ચૌધરી)